# સોરઠ ઈન્ટરનેશનલ સ્કૂલ, જુનાગઢ

**ધોરણ :- 10** **પેપર – 4** **વિષય - ગુજરાતી**

**સૂચના :-** 1. આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
2. દરેક વિભાગના ગુણ 20 છે.
3. જમણી બાજુના આંકડા પ્રશ્નના કુલગુણ દર્શાવે છે.

## વિભાગ – A (ગદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો:** **(04)**

| કૃતિ | સાહિત્યકાર |
|---|---|
| 1) 'રેસનો ઘોડો' | અ) પન્નાલાલ પટેલ |
| 2) 'ભૂખથીય ભૂંડી ભીખ' | બ) મોહનલાલ પટેલ |
| 3) 'ગતિભંગ' | ક) ચન્દ્રકાન્ત પંડ્યા |
| 4) 'ચોપડાની ઈન્દ્રજાળ' | ડ) વર્ષા અડાલજા |
| | ઈ) પિતાંબર પટેલ |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકપ્લ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** **(04)**

1) 'ભૂલી ગયા પછી'-એકાંકી ________ નાટ્યસંગ્રહમાંથી લેવામાં આવેલું છે. (પ્રથમ પુરુષ, બીજો પુરુષ, ત્રીજો પુરુષ, અન્ય પુરુષ)
2) 'છત્રી' પાઠનો સાહિત્ય પ્રકાર ________ છે. (નવલિકા, હાસ્યનિબંધ, લલિતનિબંધ, ચિંતનાત્મકનિબંધ)
3) શ્રીમદ્ રાજચન્દ્રને _______ નું બિરુદ પ્રાપ્ત થયું હતું. (શ્રી વાસ્તાયન, શ્રીનિકેતન, સાક્ષાત સરસ્વતી, ધ્યાનસ્થવીર)
4) જવાહરલાલ નેહરુના કુટુંબીઓ મૂળે _______ વતની હતા. (કાશ્મીરના, જમ્મુના, આસામના, કલકત્તાના)

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં એક – એક વાક્યમાં ઉત્તર લખો:** **(02)**

1) સૌરભને કમ્પ્યૂટર શા માટે શીખવું છે?
2) શાના માનમાં આદિવાસીઓ ફટાકડા ફોડતા હતા?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** **(04)**

1) "લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું."- તેમ ડુંગરની પત્નીએ શા માટે કહ્યું?
2) ખોભણમાં પગ લપસ્યા છતાં લેખક કેવી રીતે બચ્યા?
3) શ્રીમદ્ રાજચન્દ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી એમ તમે શા પરથી કહી શકો?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ - દસ વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** **(06)**

1) 'ઘોડીની સ્વામીભક્તિ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.
2) રાજુની મનોવ્યથા તમારા શબ્દોમાં આલેખો.
3) લેખકે સૂચવેલાં સામાજિક જાગૃતિનાં પગલાં જણાવો.

## વિભાગ – B (પદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો:** **(04)**

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1) 'હું એવો ગુજરાતી' | અ) પદ |
| 2) 'માધવને દીઠો છે ક્યાંય?' | બ) ગઝલ |
| 3) 'દિવસો જુદાઈના જાય છે' | ક) ઊર્મિગીત |
| 4) 'વૈષ્ણવજન' | ડ) ગીત |
| | ઈ) ભજન |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકપ્લ પસંદ કરી ખાલી જગ્યા પૂરો:** **(04)**

1) નરસિંહ મહેતા ______ સદીમાં થઈ ગયેલા. (પંદરમી, સોળમી, સત્તરમી)
2) અભ્યાસક્રમમાં આવેલું પ્રથમ મુક્તક _______ નામના કવિનું છે. (રઈશ મણિયાર, બરકત વિરાણી ' બેફામ', મુરલી ઠાકુર, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ)
3) 'વતનથી વિદાઈ થતાં' કાવ્ય ______ સંગ્રહમાંથી લેવામાં આવેલું છે. ('શ્રુતિ', 'અંતરિક્ષ', 'કેકારવ', 'વરસાદની મોસમ છે')
4) 'શિકારીને' કાવ્ય _______ છંદમાં રચાયેલું છે. (મંદાક્રાન્તા, વસંતતિલકા, પૃથ્વી, અનુષ્ટુપ)

**(ક) નીચે આપેલ પ્રશ્નોનાં એક – એક વાક્યમાં ઉત્તર લખો:** **(02)**

1) કવિ કોના સુવાળા રંગ સાચવવાનું કહે છે?

2) "દિવસો જુદાઈના જાય છે."- કાવ્યનાં કવિનું આખું નામ જણાવો.

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ – ચાર વાક્યોમાં ઉત્તર લખો:(કોઈપણ બે)** **(04)**

1) કેડીએ ચાલતા કવિ શેનો અનુભવ કરે છે?

2) 'ચાંદલિયો' લોકગીતને આધારે શરદપૂનમની રાત્રીનું વર્ણન કરો.

3) બીજા દુહનો ભાવસ્પષ્ટ કરો.

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ - દસ વાક્યોમાં ઉત્તર લખો: (કોઈપણ બે)** **(06)**

1) કવિ શિકારીને કઈ શિખામણ આપે છે?

2) 'નરસિંહ મહેતાની દષ્ટિએ વૈષ્ણવજન તીર્થસ્વરૂપ છે."- સમજાવો.

3) 'દીકરી' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

## <u>વિભાગ – C (વ્યાકરણ વિભાગ)</u>

**• માગ્યા મુજબ ઉત્તર લખો:**

⇨ **નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો:**

1) **આપેલ શબ્દોની સાચી જોડણી શોધીને લખો:**-ગાદીતકીયા (ગાદીતકિયા, ગાદિતકીયા, ગાદિતકિયા) - મીનીટ (મિનિટ, મિનીટ, મીનિટ) **(01)**

2) **આપેલ શબ્દની સંધિ કરો:** - 'સમ્ + ઈક્ષક' (સમીક્ષક, સમિક્ષક, સમ્યક્ષક) **(01)**

3) **આપેલ શબ્દનો સમાસ ઓળખવો:** - મહામુસિબત (કર્મધારય, ઉપપદ, બહુવ્રીહિ) **(01)**

4) **યોગ્ય જોડકાં જોડો:** **(01)**

| અ | બ |
|---|---|
| કર્તરિ વાક્યરચના | ગાંધીજીથી તેમના અનુરાગી થવાયું. |
| કર્મણિ વાક્યરચના | મયૂરથી હંસાયુ. |
| | હવે તેણે સિગારેટની સંખ્યા ઘટાડી છે. |

5) **આપેલ વાક્યમાં રહેલો અલંકાર ઓળખવો:** "મુઠ્ઠી ચણા કે ધાણી, ઝરણાનું મીઠું પાણી." (ઉપમા, અંત્યાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ) **(01)**

6) **આપેલ શબ્દોમાંથી ક્યા શબ્દમાં પૂર્વપ્રત્યય નથી:** - અજ્ઞાન, પાશેર, પાલનહાર **(01)**

7) **આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો:** - અવધાન (વ્યવધાન, અતિધ્યાન, એકાગ્રતા) - પરખાવું (આપવું, ઓળખવું, પાળવું) **(01)**

8) **'છાશ' સંજ્ઞાનો આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને લખો:** (ભાવવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક) **(01)**

9) **આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપો:** - ડોકું હલાવવું **(01)**

10) **આપેલ કહેવતનો અર્થ આપો:** - દેખવું નહીં ને દાજવુંય નહીં. **(01)**

11) **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો:** - "લીલા ચણાના પોપટાનો પોક" **(01)**

12) **આપેલ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો:** - જલન **(01)**

13) **આપેલ બન્ને શબ્દના જોડણીભેદે થતાં અર્થભેદ જણાવો:** - સાજ, સાંજ **(01)**

14) **આપેલા તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો:** - ઓછાડ **(01)**

15) **આપેલ વાક્યમાંથી વિશેષણ શોધીને તેનો પ્રકાર લખો:** - એમને નાનકડો મીઠડો દીકરો યશ છે. **(01)**

16) **આપેલ વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર લખો:** - તે પ્રતિ પ્રવાસ કદી એળે જતો નથી . **(01)**

17) **આપેલ શબ્દના ધ્વનિઘટકો છૂટા પાડો:** - સાન્નિધ્ય **(01)**

18) **આપેલ વાક્યની પ્રેરક રચના બનાવો:** - ભાણેજ ઘોડી પરથી હેઠા ઉતાર્યા. **(01)**

19) **આપેલ પંક્તિનો છંદ ઓળખવો:** - આ મોક્ષથી મોંઘું અને સાકર થતી વધતું ગળ્યું." **(01)**

20) **'તતજગાગા' ક્યા છંદનું સૂત્ર છે તે જણાવો.** **(01)**

**વિભાગ – D (લેખન સજ્જતા)**

**(અ) નીચેની પંક્તિનો આશરે 15 વાક્યમાં અર્થવિસ્તાર કરો. (04)**

- રેલાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની;
સિંધુના ઉરમાંથી તો ઉડશે અમી વાદળી.

**અથવા**

- આજ કરશું, કાલ કરશું, લંબાવો નહીં દહાડા;
વિચાર કરતાં વિઘ્નો મોટાં આવે વચમાં આડાં.

**(બ) તમારી શાળામાં ઉજવાયેલા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. (04)**

**(ક) નીચે આપેલ ગદ્યખંડનો ત્રીજા ભાગ જેટલો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો. (04)**

શિસ્તના બે પ્રકાર છે: સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત. "સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમ." એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે; પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગત નીવડી શકે તેમ નથી. સ્વયંશિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે. ફરજિયાત પાળવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. સ્વયંશિસ્તમા ભયને કોઈ સ્થાન હોતું નથી. વ્યક્તિઓ જાતે જ સમજી-વિચારીને શિસ્તનું પાલન કરે છે. આપણામા સ્વયંશિસ્તની ભાવના કેળવાયેલી હશે તો અમેરિકા અને ઈંગ્લેડની જેમ આપણા દેશની પણ પ્રગતિ થઈ શકશે. શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શાળામાં વિદ્યાર્થીઓની અનિયમિતતા, ઘોંઘાટ, માલ-મિલકતનું નુકશાન, હડતાળ, મારામારી વગેરે ગેરશિસ્તના જ પરિણામ છે. શિસ્તને સદવ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના હોય છે. ત્યાં શિસ્ત જળવાય રહે છે અને વાતાવરણ સુખદ બને છે.

**(ડ) ગમે તે એક વિષય પર મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. (08)**

**➔ પ્રાર્થના જીવનનું બળ**

**મુદ્દા:-** પ્રસ્તાવના – ઈશ્વરના ઋણી – વિવિધ ધર્મોમાં પ્રાર્થના –પ્રાર્થનાની શક્તિ અને તેના ઉદાહરણો – પ્રાર્થનાના સંસ્કાર – ઉપસંહાર

**અથવા**

**➔ મારા પ્રિય સર્જક**

**મુદ્દા:-** પ્રસ્તાવના – પ્રિય સર્જક – મેઘાણી – જન્મ અને જીવન – સાહિત્યક્ષેત્રે તેનું પ્રદાન – ઉપસંહાર

**અથવા**

**➔ ધરતીનો છેડો ઘર**

**મુદ્દા:-** પ્રસ્તાવના – ઘર એક આશ્રય-સ્થાન – ઘર કોને ન કહેવાય? – 'ધરતીનો છેડો ઘર'-એ ઉક્તિનું રહસ્ય – ઉપસંહાર